ગાંધીનગર ભાસ્કર, પાના નં. ૦૨
તારીખ:- ૦૬|૦૮|૨૦૨૪

## રસ્તાની બંને તરફ ફેન્સિંગ કરી રંગબેરંગી ફૂલો, ડેકોરેટિવ પ્લાન્ટ્સનું પ્લાન્ટેશન કરાશે

# સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના મેટ્રો રેલના 5 કિ.મી.ના રૂટ પર બ્યુટિફિકેશન કરાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગરમાં સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના મેટ્રો રેલના બાકી રહેલા તબક્કાનું કામ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરીને મેટ્રો રેલ તેના અંતિમ પોઇન્ટ મહાત્મા મંદિર સુધી દોડતું કરવાનું આયોજન છે અને તે માટેની કામગીરી હાલ આખરી તબક્કામાં ચાલી રહી છે ત્યારે સચિવાલય મેટ્રો સ્ટેશનથી મહાત્મા મંદિર સુધીના 5 કિલોમીટરના રૂટ પર રસ્તાની બંને તરફ બ્યુટિફિકેશન કરવામાં આવશે. આ કામગીરી મેટ્રો રેલ કંપની દ્વારા જ કરવામાં આવશે. આ રૂટ પરથી પસાર થતાં મુસાફરો ના રંગના દ્રશ્યો જોઈ શકશે.

ગાંધીનગરમાં ગત સપ્ટેમ્બરમાં મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી સેક્ટર-1 મેટ્રો સ્ટેશન સુધીની મેટ્રો રેલ સેવા શરૂ કરવામાં આવી હતી. તે પછી થોડા સમય પહેલા સેક્ટર-1થી સચિવાલય સ્ટેશન સુધીની સેવા શરૂ કરાઈ છે. અમદાવાદ ગાંધીનગર વચ્ચે મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ અપડાઉન કરતા હોવાથી મેટ્રો રેલનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે.

મેટ્રોનું અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી રાખવામાં આવ્યું છે. આથી સાચિવાલય સ્ટેશનથી છ-5, ચ-5, ઘ-5, ગ-5, ખ-5 અને મહાત્મા મંદિર સુધીનો ટ્રેક તૈયાર કરવાની કામગીરી આખરી તબક્કામાં છે મેટ્રો સ્ટેશનો પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. ડિસેમ્બર સુધીમાં આ તમામ કામગીરી પૂર્ણ કરીને મેટ્રો રેલ દોડતી કરી દેવાશે. મેટ્રો રેલના રૂટ પર પાટનગરને છાજે તે પ્રમાણેના બ્યુટીફિકેશન માટે પણ કવાયત શરૂ કરવામાં આવી છે. સચિવાલય મેટ્રો સ્ટેશનથી મહાત્મા મંદિર સુધીના અંદાજે 5 કિલોમીટરના રૂટમાં રસ્તાની બંને તરફ ફેન્સીંગથી કવર કરીને વિવિધ ફુલછોડ અને ડેકોરેટીવ પ્લાન્ટ્સ રોપવામાં આવશે. આ સાથે લેન્ડ સ્કેપિંગ પણ કરવામાં આવશે. મેટ્રો રેલ કંપની દ્વારા આ કામગીરી માટેના ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યા છે. ડિસેમ્બરમાં મેટ્રો રેલ શરૂ થાય તેની સાથે જ આ કામગીરી પણ પૂર્ણ થઈ જાય તે પ્રકારેનું આયોજન કરવામાં આવ્યું છે.

### ધોળાકૂવાથી પંચેશ્વર જંક્શન સુધીનો રૂટ વિકસાવાશે



મેટ્રો રેલના રૂટને સમાંતર ધોળાકુવાથી પંચેશ્વર જંક્શન સુધી 4 કિલોમીટર રૂટમાં 80 મીટર પહોળા રોડ ડેવલપમેન્ટની સાથે બ્યુટીફિકેશનની કામગીરી પણ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા આ માટે અગાઉથી જ આયોજન કરવામાં આવ્યું હતું અને તેના ટેન્ડરો પણ બહાર પાડી કામ શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ 100 કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યો છે.

## મેટ્રોની કામગીરીના પગલે જાહેરનામું

# શહેરના 5 મેટ્રો સ્ટેશન પાસે ટ્રાફિક ડાયવર્ટ કરાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગર શહેરમાં વિવિધ 5 જેટલા મેટ્રો સ્ટેશન પાસે કામગીરી કરવાની હોવાથી અલગ અલગ તારીખોએ વાહન વ્યવહાર સિંગલ લેનમાં કરવા માટે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવશે. આ માટે કલેક્ટર દ્વારા જાહેરનામુ બહાર પડાયું છે સાથે ટ્રાફિક નિયમનની પૂરતી વ્યવસ્થા કરવા પણ સૂચના અપાઈ છે.

મેટ્રો રેલ કંપની દ્વારા વિવિધ રેલવે સ્ટેશનોની નીચે બેરિકેડિંગ કરીને ક્રેન રાખી કામગીરી કરાશે. જેથી અહીંથી પસાર થતો ટ્રાફિક બંને લેન એકતરફના માર્ગ પરથી પસાર કરવામાં આવનાર છે. જે મુજબ 5મી ઓગસ્ટના રોજ રાત્રે 8 વાગ્યાથી સવારે 8 વાગ્યા સુધી જૂના સચિવાલય મેટ્રો સ્ટેશન- ચ-5 ખાતે રસ્તો એકતરફી કરાશે. તપોવન મેટ્રો સ્ટેશન ખાતે 6ઠ્ઠીએ રાત્રે 8 વાગ્યાથી 8મીની સવારે 6 વાગ્યા સુધી ટ્રાફિક સિંગલ લેન કરાશે. કોબા મેટ્રો સ્ટેશન ખાતે 7મીની રાત્રે 8 વાગ્યાથી 8મીની સવારે 6 વાગ્યા સુધી સિંગલ લેનમાં ટ્રાફિક ડાયવર્ટ કરાશે. સેક્ટર-10એ મેટ્રો સ્ટેશન ખાતે 9મીની રાત્રે 8 વાગ્યાથી 10મીની સવારે 6 વાગ્યા સુધી ટ્રાફિક ડાયવર્ટ કરાશે. સેક્ટર-1 મેટ્રો સ્ટેશન ચ-2 ખાતે 10મીની રાત્રે 8 વાગ્યાથી 11મીને સવારે 6 વાગ્યા સુધી સિંગલ લેનમાં ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવશે.